મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૦૯-૦૧-૨૦૨૫
ગુરૂવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૭૯
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.3-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367



ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app


## આર.ટી.ઓ. નો રોડ સેફ્ટીમાં નવતર પ્રયોગ રોડ પર ઉતર્યા 'યમરાજ'

# મહેસાણામાં રોડ સેફ્ટીના નિયમોનું પાલન કરતા નાગરિકોને ફૂલ અને ચોકલેટ આપી પ્રોત્સાહિત કરાયા : યમરાજની હાજરીથી કૌતુક ફેલાયુ










(ગરવી તાકાત) મહેસાણા તા.૮

'મારી ગદાનો પ્રહાર ખાલી હેલ્મેટ જ રોકી શકે છે, હું તમને ગમે ત્યાં મળી શકું છું, એટલે નિયમોનું પાલન કરો અને મારી સાથે મિટિંગ ના થઈ જાય એનું ધ્યાન રાખો'.આજે આ શબ્દોદૂધસાગર ડેરીના ગેટ અને રાધનપુર ચોકડી મહેસાણા ખાતે વાહનચાલકોએ સાંભળ્યા હતા....

કારણ હતુ માર્ગ સલામતી ........ સમગ્ર રાજયમાં માર્ગ સલામતી માસ - ૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે મહેસાણા જિલ્લામાં પણ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી(આર.ટી.ઓ. ) દ્વારા નાગરિકોની જાગૃતિ માટે પ્રતિદિન કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જે પૈકી આજ રોજ વિવિધ રોડ સેફટી અવેરનેસ કાર્યક્રમો વચ્ચે ટ્રાફિકના નિયમોનું પાલન નહીં કરતા લોકો માટે આર.ટી.ઓ.મહેસાણાએ નવતર પ્રયોગ કર્યો હતો.

જેમાં પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી(આર.ટી.ઓ. ) ના કર્મચારીએ યમરાજની વેશભૂષા ધારણ કરી ગદા લઈ આર.ટી.ઓ.મહેસાણા ના અધિકારીઓ સાથે રહી હેલ્મેટ અને સીટબેલ્ટ વિનાના વાહનોને રસ્તા પર રોક્યા હતા. આમ વાહનચાલકોમાં સલામત અને સાવચેતી ના સંદેશ દ્વારા માર્ગ સલામતી ના પાઠ ભણાવવાનો હકારાત્મક અભિગમપ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી(આર.ટી.ઓ. ) કચેરી દ્વારા આજે સવારે દૂધસાગર ડેરીના ગેટ અને રાધનપુર ચોકડી મહેસાણા ખાતે આ પ્રયોગ કરાયો હતો. જેમાં લોકોએ હસતા હસતા પોતાની ભૂલ સ્વીકારી હતી. તેમજ રોડ પર યમરાજની હાજરીથી સૌમાં કૌતુક ફેલાયું જેવા મળ્યુ હતું.

યમરાજે વાહન ચાલકોને સંદેશો આપ્યો હતો કે ' મારી ગદાનો પ્રહાર ખાલી હેલ્મેટ જ રોકી શકે છે, હું તમને ગમે ત્યાં મળી શકું છું, એટલે નિયમોનું પાલન કરો અને મારી સાથે મિટિંગ ના થઈ જાય એનું ધ્યાન રાખો'.

આજે રોડ પર આર.ટી.ઓ. ની ટીમ સાથે એ.આર.ટી.ઓ. અધિકારી એસ.એમ.પટેલ પણ હાજર રહ્યા હતા અને રોડ સેફટીના નિયમોનું પાલન કરતા નાગરિકોને ફૂલ અને ચોકલેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે,× વિવિધ કાર્યક્રમો વચ્ચે આ પ્રયોગ સફળ નીવડ્યો છે, લોકોનો પણ ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે, અને યમરાજની હાજરીથી ગંભીર વિષયને હળવી શૈલીમાં પીરસવાનો પ્રયાસ કરાયો છે સાથે જ લોકોએ પોતાની રોડ સેફટી માટે જાતે જાગૃત થાય તો જ રોડ સુરક્ષિત થશે અને એના માટે ટ્રાફિક નિયમો ફરજિયાત પાલન કરવા પડશે×.

ઉલ્લેખનીય છે કે દૂધસાગર ડેરીના સેફટી અધિકારીઓએ રેડિયમ રીફલેક્ટર વિનાના વાહનોને રીફલેક્ટર લગાવવાની કામગીરી કરી હતી. અને આર.ટી.ઓ.અને ટ્રાફિક પોલીસની ટીમને સહયોગ આપ્યો હતો.

## પ્રજાને સરકારી કામકાજ માટે ૬ થી ૭ કિ.મી. દુર જિલ્લા સેવા સદનમાં જવા માટે મજબુર કરી રહ્યા છે

# મહેસાણા જિલ્લા કલેક્ટર કચેરીને અન્ય જગ્યાએ ખસેડવાના સત્તાધીશોના તખલખી નિર્ણય સામે કોંગ્રેસે વિરોધ દર્શાવ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૮

મહેસાણાના નાગલપુર વિસ્તારમાં જિલ્લા કલેકટર કચેરી (સેવા સદન) બનાવવાનો થઈ રહેલ પ્રયત્નોથી મહેસાણા પીન કોડ-૩૮૪૦૦૧નું અસ્તિત્વ નષ્ટ કરવાના પ્રયત્નો અને આવા વિકાસના નામે તઘલખી નિર્ણયો સામે જિલ્લા કોંગ્રેસ વિરોધ દર્શાવ્યો છે.



નાગલપુર સીમમાં શબરી વિદ્યાલય નજીક સર્વે નં. ૫૯૫ કે જે રેવનયુ રેકર્ડે ગૌચર છે. હાલમાં કલેકટર કચેરી (જિલ્લા સેવા સદન) મહેસાણા મધ્યે આવેલ છે. જેની આજુ બાજુ ન્યાય સંકુલ, મામલતદાર કચેરી, પ્રાંત કચેરી, ચેરીટીની કચેરી, ટ્રેઝરી ઓફિસ તથા મહેસાણાની જનરલ હોસ્પિટલ, મહેસણા એસ.ટી. બસ સ્ન્ડ, ડી.એસ.પી. ઓફિસ તેમજ માર્ગ અને મકાન વિભાગની કચેરી, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, રેલવે સ્ટેશન ઐતિહાસિક ધરોહર રાજમહેલ તેમજ મુખ્ય બજારની નજીકમાં આવેલ છે. તો વિકાસના નામે અને બહુમતીથી જોરે હાલના શાસનકર્તાઓ જિલ્લા સેવા સદન કલેકટર કચેરી નાગલપુર લઈ જવા માંગે છે અને માર્ગ અને મકાન વિભાગ દ્વારા પ્લાન તથા એસ્ટીમેનટ તૈયાર કરવાની કામગીરી શરૂ કરવામાં આવલ છે. તેને લઈ માર્ગ અને મકાન વિભાગે મહેસાણા નગરપાલિકાને પત્ર લખી આ જગ્યામાં ટી.પી. રોડ પસાર થાય છે. તે અંગેની માહિતી લેખિતમાં માંગણી કરેલ છે.

મહેસાણા નગરપાલિકાની સામાનય સભામાં નાગલપુર ગૌચરની જગ્યામાં જિલ્લા સેવા સદન બનાવવા માટે નગરપાલિકાના સંમતિ ઠરાવની માંગણી કરી દરખાસ્ત મામલતાદર તરફથી આવેલી જેનો નગપાલિકાના કોંગ્રેસના સભ્યો દ્વારા આ સંમતિ ઠરાવનો વિરોધ કરવામાં આવ્યો હતો.

મામલે મહેસાણા જિલ્લા કોંગ્રેસ દ્વારા મહેસાણાની પ્રજાનો વહીવટી કામકાજ મો અગવડતા ઉભી કરવા માંગો છો ? સુશાસન ના નામે લોકોને ભૂમિત કરી પ્રજાને સરકારી કામકાજ માટે જૂના મહેસાણાથી લગભગ ૬ થી ૭ કિ.મી. દુર જિલ્લા સેવા સદનમાં જવા માટે મજબુર કરી રહ્યા છો. આવા ગાંડા વિકાસના કારણે મહેસાણા કે જેનો પીન કોડ નં. ૩૮૪૦૦૧ છે તો શુ મહેસાણા શહેરને અને પૂર્વ વિભાગના તમામ તાલકુા અને ગામોની પ્રજાને હાલાકી અને વહીવટી કામકાજ માટે દરુ જઈ બીજી કચેરીઓ સાથેનું સંકલન તોડી પાડવા માંગો છો ? મહેસાણા જિલ્લાના ૮૦ ટકા ગ્રામ્ય તથા શહેરી પ્રજાને હાલમાં જે જગ્યાએ જિલ્લા સેવા સદન છે. તે અનુકૂળ અને બીજી સરકારી કચેરીઓ, કોર્ટ, મામલતદાર કચેરી, સીવીલ હોસ્પિટલ, એસ.પી. કચેરી જેવા અનેક કચેરીઓનું વહીવટી કામકાજ માટે હાલની કલેકટર કચેરી (જિલ્લા સેવા સદન) અનુકુળ છે.

જિલ્લા કલેકટર કચેરીમાં કેસો ચાલતા હોય અને ન્યાય સંકુલ નજીકમાં હોઈ વકીલોને પણ હાલની કચેરી જ અનુકુળ છે. તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા પ્રજાજનો શહેરીજનો તમામને હાલની કલેકટર કચેરી ખુબજ અનુકુળ જગ્યાએ છે. અને કલેકટર કચેરી નજીક જિલ્લાની તમામ કચેરીઓ પ્રજાની જરરૂીયત મુજબની એકદમ નજીકમાં હોઈ પ્રજાને અનુકૂળતા રહેલ છે.

તો શું ચુંનંદા અને સિમિત લોકો અને વર્તમાન શાસનકોને શું એવી જરૂરીયાત ઉભી થયેલ છેકે, આ જિલ્લા સેવા સદન જેવી અતિ મહત્વની કચેરી શહેરથી ૬ થી ૭ કિ.મી. દુર લઈ જઈને પ્રજાને હેરાન પરેશાન કરવા માંગો છે અને મહેસાણાનું અસ્તિત્વ મીટાવવા માંગી રહ્યા છો?

આ મામલે મહેસાણા જિલ્લા કોંગ્રેસે સખ્ત વિરોધ દશાવી જિલ્લા વિકાસ અધિકારી સહિત નાયબ કલેકટર અને આવેદનપત્ર આપી સખ્ત વિરોધ દશાવ્યો છે.

## શિક્ષણમંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરે વડનગર ખાતે પ્રેરણા સંકુલની મુલાકાત લીધી

# શિક્ષણમંત્રીએ પીએમશ્રી વડનગર શાળા નં૧ની મુલાકાત લઇ નાના બાળકોને પ્રોત્સાહિત કર્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૭

આજરોજ શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરે વડનગર ખાતે આવેલી પ્રેરણા સંકુલની મુલાકાત લીધી હતી. તેમજ આ મુલાકાત દરમિયાન તેમણે પ્રેરણા સ્કૂલમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી હતી. તેમણે પ્રેરણા સંકુલના તાલીમાર્થીઓની સાથે પણ વાતચીત કરી હતી.

ત્યારબાદ શિક્ષણમંત્રીશ્રીએ પીએમશ્રી વડનગર શાળા નંબર -૧ ની મુલાકાત પણ લીધી હતી. ત્યાં તેમણે શિક્ષકો અને બાળકો સાથે વાતચીત કરીને તેઓને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ શાળાની વિવિધ સુવિધાઓ અને અભ્યાસ બાબતે પણ જાણકારી મેળવી હતી.

મંત્રીશ્રીની આ મુલાકાતમાં સામાજિક અગ્રણી શ્રી સોમાભાઈ મોદી તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી ડૉ. શરદભાઈ ત્રિવેદી અને પ્રેરણા સંકુલના સંચાલક સહિત




શિક્ષકો , સ્થાનિક અગ્રણીઓ અને | વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બહુચરાજી તાલુકાના આસજોલ ગામે ઓફસાઇડ મોકડ્રીલ લેવલ - 3 આયોજન કરવામાં આવ્યું

(ગરવી તાકાત) મહેસાણા તા.૮

બહુચરાજી તાલુકાના આસજોલ ગામે ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લીમીટેડ અને જીલ્લા વહીવટી તંત્ર મહેસાણાના સંકલનથી કલેકટરશ્રી એમ.નાગરાજનના માર્ગદર્શન હેઠળ ઓફસાઈડ મોકડ્રીલ લેવલ - ૩ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પાઈપલાઈન લીકેજ થાય તો તંત્ર કેટલું સબળુ છે. તેનું ડેમોસ્ટ્રેશન કરાયુ હતું. જેમાં ગ્રામજનો તથા સ્કુલના વિધ્યાર્થીઓ ફાયર થાય ત્યારે તથા પાઈપ લાઈનમાં આગ લાગે ત્યારે શું સતર્કતા દાખવવી તે અંગે જાણકારી તેમજ ડેમોસ્ટ્રેશન



આપેલ.

સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લીમીટેડ સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રોગ્રામમાં મોટી સંખ્યામાં ગ્રામજનો તથા આસજોલની શાળાના વિધ્યાર્થીઓ હાજર રહ્યા હતા. બહુચરાજીના આસજોલ ગામથી પસાર થતી ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન ની સલાયા મથુરા પાઈપ લાઈનમાં ચોરીનો પ્રયાસ કરતા આગ લાગી જેની માહિતી મહેસાણા ડીઝાસ્ટર કંટ્રોલ રૂમને મળતા મહેસાણા જિલ્લા તંત્રની ટીમ દોડતી થઈ હતી. જેમાં ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લીમીટેડના શ્રી અમીતકુમાર ત્રીપાઠી. શ્રી વિજયકુમાર સોલંકી મોક એકસરસાઈઝના ઈન્સિડર કમાન્ડર ઘટના સ્થળે SOM શ્રી આશિષ મીયાત્રા,જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કે. બી. પ્રજાપતિ તથા મામલતદારશ્રી આર. જે. કાનુડાવાલા તેમજ પોલીસ તંત્ર, આરોગ્ય વિભાગ મહેસાણા, ૧૦૦ તથા HPCL ની ફાયર ફાયટર ટીમ સ્થળ પર પહોંચી હતી. જે બાદ સ્થળ પર લાઈન રીપેરીંગ કરવામાં આવી હતી અને ઈજાગ્રસ્ત ને એમ્બ્યુલન્સ ની મદદથી હોસ્પીટલ ખસેડયા હતા. જો કે આ આખી ઘટના મોકડ્રીલનો ભાગ હોવાનું સામે આવ્યું હતું એમ જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર , ડિઝાસ્ટર શાખા મહેસાણાની અખબારી યાદીમાં જણાવેલ છે.


**પ્રાઈમ પ્રોપર્ટી ભાડે આપવાની છે**

બેંક, વિમા કંપની કે ઓફિસ માટે ફુલ્લી ફર્નિચર સાથેની ૩૫૦ સ્કે.ફુટની ઓફિસ ભાડે આપવાની છે.

: સંપર્ક :

દુ.નં. ૧૧૭, પ્રથમ માળ, મેપલ ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, મોતીપુરા, અમદાવાદ નેશનલ હાઈવે રોડ,હિંમતનગર,સાબરકાંઠા. ગુજરાત.

મો : ૯૪૨૮૧ ૫૧૫૬૦, ૯૪૨૭૫ ૪૫૬૪૦



KRISHNA AUTO COATING

The Car Detailing Studio




પ્રમુખ ટાયરની પાછળ, એલ. કાનજી દેસાઈ બિઝનેસ હાઉસ, વિદ્યાનગર, નાગલપુર- મહેસાણા-૩૮૪૦૦૨.● મો : ૯૩૨૭૩૬૬૭૮૦




# ડેટાની સુરક્ષાનો સવાલ

આજે આપણાં મોટાભાગનાં કામ ઈન્ટરનેટના માધ્યમથી સેવા આપતી કંપનીઓ પર નિર્ભર થઈ ગયાં છે. તેના માટે આપણે તેમની બનાવેલી એપ્સ અને વેબસાઈટોનો સતત ઉપયોગ કરીએ છીએ. એવી સ્થિતિમાં સેવા આપનારી ટેક કંપનીઓ અને સવા લેનારા ગ્રાહકોની અંગત માહિતી વચ્ચે કોઈ વધુ અંતર નથી રહ્યું. ખાસ તો ફેસબુક, ગૂગલ, વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ જેવી ડિજિટલ કંપનીઓ આપણા વિશે અને આપણી પ્રત્યેગ ગતિવિધિ વિશે કદાચ આપણા કરતાં વધારે જાણવા લાગી છે. આ તમામ માહિતીનો વ્યાવસાયિક ઉપયોગ થાય છે. ક્યારેક જાસૂસી માટે પણ આ માહિતી ભેગી કરવામાં આવે છે અને તેનું અધ્યયન કરીને કોઈ નિષ્કર્ષ કાઢવામાં આવે છે, જેનો કદાચ જ આપણને અહેસાસ થાય છે. આપણે પૂછી શકીએ કે આખરે ટેક સેવા પ્રદાતા કંપનીઓથી માંડીને આધાર-પાસપોર્ટ વગેરે દ્વારા ખાનગી ડેટા લેનારી સરકારી એજન્સીઓ આ માહિતીઓનું શું કરે છે? ક્યાંક એવું તો નથી કે જે હેતુથી આ માહિતી લેવામાં આવી છે તેનો કોઈ જુદો જ ઉપયોગ થઈ રહ્યો છે? ડેટારૂપી માહિતીઓની વધતી જરૂરિયાત અને તેમાં ગાબડાની આશંકાઓને ધ્યાનમાં રાખીને ડિજિટલ ખાનગી ડેટા સુરક્ષા વિધેયક-૨૦૨૩ લોકસભામાંથી પસાર થઈ ગયું છે, જેનો ઉદ્દેશ્ય લોકોના ખાનગી અને ગોપનીય ડેટાને સુરક્ષિત રાખવા અને તેના યોગ્ય ઉપયોગની વ્યવસ્થા બનાવવાનો છે.

તેની જરૂરિયાત લાંબા સમયથી અનુભવાઈ રહી હતી કે ઈન્ટરનેટ દ્વારા તમામ સગવડો લેનારી આમ જનતાની નિજતા એટલે કે વ્યક્તિની અંગત અને ગોપનીય માહિતી સુરક્ષિત રહી શકે અને તેનો કોઈ દુરુપયોગ ન થવા પામે. ખાસ વાત એ છે કે આ બિલના દાયરામાં માત્ર ખાનગી ટેક કંપનીઓ જ નથી, પણ એ સરકારી એજન્સીઓ પણ છે, જે આમ જનતાની અંગત માહિતી પોતાના વિભિન્ન કાર્યક્રમો અથવા લોકોને કોઈ સુવિધા પ્રદાન કરવાના ઉદ્દેશ્યથી જમા કરે છે. જેમ આધારકાર્ડ કે પાસપોર્ટ વગેરે. સરકારી એજન્સીઓ પર પણ એ આરોપ લાગતા રહે છે કે આમજનતાની નિજતાની ચિંતા નથી કરવામાં આવતી. તેને કારણે અંગત માહિતીઓ કંપનીઓના હાથમાં આવી જાય છે અને આ પ્રકારે કાં તો તેમનાં બેંક ખાતામાંથી રાતોરાત રકમ ઊડી જાય છે કે પછી કેટલીય કંપનીઓના કોલ સેન્ટર તેમને દિવસ-રાત વિભિન્ન સેવાઓ માટે ફોન કરવા લાગે છે. એક આરોપ એ પણ છે કે સરકારી એજન્સીઓ, એન્ટરટેનમેન્ટ અને ટેક કંપનીઓ લોકોનો જે ડેટા ભેગો કરે છે, તે સુનિશ્ચિત નથી કરતી કે એ ડેટાનો માત્ર એ જ ઉપયોગ થશે, જેના માટે તે લેવામાં આવ્યો છે. ૨૦૧૨માં કર્ણાટકમાં હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ કેએસ પુત્તુસ્વામીએ એ દલીલ સાથે સુપ્રીમ કોર્ટમાં એક જનહિત અરજી દાખલ કરી હતી કે આધાર યોજના માટે લોકોનો બાયોમેટ્રિક ડેટા લેવો નિજતાના અધિકારનું ઉલ્લંઘન છે. નિજતાના આ મુદ્દા પર કેન્દ્ર સરકારે જોકે પહેલેથી જ જસ્ટિસ એપી શાહની અધ્યક્ષતામાં એક કમિટી રચી હતી, જેણે દેશમાં પ્રાઈવસી એક્ટ બનાવવાની ભલામણ કરી હતી, પરંતુ આ મામલે ત્યારે હલચલ થઈ, જ્યારે સુપ્રીમ કોર્ટે નિજતાને મૌલિક અધિકાર ગણાવ્યો. આ જ આધાર પર ૨૦૧૯માં કેન્દ્ર સરકારે ખાનગી ડેટા વિધેયક લોકસભામાં રજૂ કર્યો હતો. જોકે ૨૦૨૨માં સંયુક્ત સંસદીય સમિતિના સૂચન પર સરકારે એ વિધેયક એ મતલબ સાથે પાછા લઈ લીધા હતા કે તેને બૃહદ કાનૂની ફ્રેમવર્ક સાથે ફરી લાવવામાં આવશે. આ જ પહેલ પર આ બિલ ફરી લાવવામાં આવ્યું છે.

સામાન્ય રીતે આપણને અહેસાસ નથી થતો કે લોકોની અંગત માહિતીઓનું કંપનીઓ અને સરકારી એજન્સીઓ શું કરે છે, પરંતુ જ્યારે પણ ગૂગલ અને ફેસબુક વગેરે આપણને એ દર્શાવે છે કે આપણે કેટલા વાગ્યે ઘરેથી ઓફિસ આવીએ-જઈએ છીએ, ક્યાં ખાઈએ-પીએ છીએ, રસ્તામાં ટ્રાફિક જામ છે કે નહીં, આપણા દોસ્તોના જન્મદિવસ ક્યારે ક્યારે છે, તો તેને લઈને આપણા કાન ઊભા થઈ જાય છે કે આખરે આ માહિતી આ કંપનીઓ પાસે ક્યારે અને કેવી રીતે પહોંચી ગઈ એમ તો કેટલીય વાર આપણને આ બહુ સુવિધાજનક લાગે છે કે ટેક કંપનીઓને આપણા પરિચિતોના જન્મદિવસથી માંડીને તમામ તથ્યો ખબર છે, કારણ કે યાદ ન આવે ત્યારે આપણે એ માહિતી ફેસબુક વગેરેથી આસાનીથી હાંસલ કરી લઈએ છીએ.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

### ગુજરાત સહિતના રાજ્યોમાં માર્ચના અંતથી અમલ કરવા તૈયારી

# માર્ગ અકસ્માતમાં રૂા.૧.૫૦ લાખ સુધીની કેશલેસ સારવાર મળશે

**ડ્રાઈવીંગ સ્કીલ સુધારવા દેશમાં ૧૨૫૦ નવી ઓટોમેટેડ ડ્રાઈવીંગ સ્કુલ શરૂ કરાશેઃ ડ્રાઈવર આઠ કલાકથી વધુ એક સાથે ડ્રાઈવીંગ ન કરી શકે તે માટે ખાસ એન્જીન સ્વેપ કાર્ડ આવશે**

**કેન્દ્રીય વાહન વ્યવહાર મંત્રી નિતીન ગડકરીની જાહેરાત : હીટ એન્ડ રનમાં મૃતકના કુટુંબીજનને રૂા.૨ લાખની તત્કાળ સહાય : દેશમાં ૨૦૨૪માં માર્ગ અકસ્માતથી ૧.૮૦ લાખ મૃત્યુ : ૩૫૦૦૦ પાસે ડ્રાઈવીંગ લાયસન્સ જ ન હતું**



નવી દિલ્હીઃ દેશમાં માર્ગ અકસ્માતોની સંખ્યા સતત વધી રહી છે અને ખાસ કરીને અકસ્માત બાદ ઝડપી યોગ્ય સારવાર નહી મળતા વધુ ઈજાગ્રસ્તો મૃત્યુ પામે છે અને સરકાર માર્ગની હાલતો સુધારવા અને જે રીતે અકસ્માત થાય છે તે પેટર્ન જાણીને તેની સંખ્યા ઘટે તે માટે પ્રયાસ થઈ રહ્યા છે પણ હવે કેન્દ્ર સરકાર એ માર્ગ અકસ્માતમાં ઘાયલને ઝડપી અને કોઈ ખર્ચની ચિંતા વગર સારવાર મળી રહે તે નિશ્ચિત કરવા પ્રયાસ કર્યા છે.

કેન્દ્રીય વાહન વ્યવહાર મંત્રી નિતીન ગડકરીએ ગઈકાલે આ અંગે માહિતી આપતા કહ્યું કે કોઈપણ માર્ગ પર વાહનના કારણે જે અકસ્માત થાય તો દુર્ઘટનામાં ઘાયલ વ્યક્તિને રૂા.૧.૫૦ લાખ સુધીની સારવાર કેશલેસ મળશે એટલે કે જે તે વ્યક્તિએ નાણા ચૂકવવાની જરૂર રહેશે નહી.

આ ઉપરાંત હીટ એન્ડ રન કેસમાં મૃત્યુ પામનાર વ્યક્તિના કુટુંબના સૌથી નજીકના વ્યક્તિને રૂા.૨ લાખની સહાય સરકાર કરશે. આ યોજના તબકકાવાર પુરા દેશમાં લાગુ થશે અને તેની જવાબદારી નેશનલ હેલ્થ ઓથોરિટીને આપવામાં આવી છે. સંસદના બજેટ સત્રમાં આ એક વાહન વ્યવહાર અંગેના કાનૂનમાં સુધારા કરાશે અને તા.૧૪ માર્ચ ૨૦૨૪ના જે યોજના શરૂ કરી હતી તે મુજબ છ રાજયોમાં તે લાગુ થઈ છે.માર્ચ ૨૦૨૫થી તે પુરા દેશમાં લાગુ થશે. તેઓએ કહ્યું કે, ૪૨મી ટ્રાન્સપોર્ટ ડેવલપમેન્ટ પરિષદમાં માર્ગ સુરક્ષાને પ્રાથમીકતા આપવા માટે વ્યાપક વિચારણા થઈ હતી જેમાં નિર્ણય થવા મુજબ ઓટો કંપનીઓ જે બસ-ટ્રક સહિતના ભારે વાહનો બનાવે છે તેવા સુરક્ષાના ત્રણ માપદંડ નિશ્ચિત કરવા જરૂરી બનશે.

જેમાં ઈલેકટ્રોનિક સ્ટેબીલીટી કંટ્રોલ અને ઓટોમેટીક ઈમરજન્સી બ્રેક સિસ્ટમ જે બે વાહનોની ટકકરને રોકી શકે છે તો ઈલેકટ્રોનીક ડ્રાઉમીનેસ સિસ્ટમ ડ્રાઈવરને ઝોકુ આવે કે તે બેધ્યાન થઈ જાય તો તુર્તજ ઓડિયો મેસેજથી એલર્ટ કરશે.

આ ઉપરાંત ડ્રાઈવીંગ ટ્રેનીંગ સેન્ટર પોલીસી પણ આવશે. ૨૦૨૪માં ભારતમાં માર્ગ અકસ્માતમાં ૧.૮૦ લાખ લોકોના મૃત્યુ થયા હતા જેમાં ૩૫૦૦૦ પાસે ડ્રાઈવીંગ લાયસન્સ જ ન હતું તેની હવે ડ્રાઈવીંગ શિક્ષણ પર પણ ભાર મુકાશે અને તેઓ ડ્રાઈવીંગ પોલીસી આવશે. દેશભરમાં આ પ્રકારે ૧૫૦૦ ડ્રાઈવીંગ સેન્ટર અને ફીટનેસ સેન્ટર ખુલશે અને તે માટે રૂા.૪૫૦૦ કરોડના રોકાણની તૈયારી છે અને ૨૫ લાખ તાલીમબદ્ધ ડ્રાઈવરો તૈયાર કરાશે.

જેનાથી રોજગારી વધશે. ભારતમાં ૨૨ લાખ ડ્રાઈવરોની તંગી છે તેથી આ યોજનાને સમસ્યા હલ કરવામાં પણ મદદ કરશે અને ૧૫ લાખ લોકોને રોજગારી મળશે. દરેક જીલ્લામાં આ પ્રકારે ઓટોમેટનું સેન્ટર બનશે. આ ઉપરાંત હવે વિમાની પાઈલોટની જેમ ડ્રાઈવર માટે પણ એક ધારા કામના કલાકો નિશ્ચિત થશે.

કોઈપણ ડ્રાઈવરને ૮ કલાકથી વધુ એક જ સાથે ડ્રાઈવીંગ કરી શકાશે નહી અને રેસ્ટ નિશ્ચિત કરવો પડશે અને તે નિશ્ચિત કરવા માટે ડ્રાઈવરના એક ખાસ કાર્ડ અપાશે જે તેના આધાર સાથે જોડાશે. આ કાર્ડ સ્વેપ કરે તો જ વાહન સ્ટાર્ટ થશે અને આઠ કલાક પછી તે બીજા ડ્રાઈવરના કાર્ડને સ્વીકારશે.

**પોલીસે એકની એક ભુલ ફરીવાર કરી : યુવતીને રાત્રે મેડિકલ ચેકઅપ માટે લઈ જતા પૂર્વે ધારાસભ્ય પોલીસની ગાડી સામે ઉભા રહી ગયાઃ પોલીસે યુવતીને પરત ઘરે પહોંચાડી**

# અમરેલીમાં પાયલ ગોટીને રાત્રે પોલીસ લઈ જતા હોબાળો : પરેશ ધાનાણીએ યુવતીને મુકત કરાવી





રાજકોટ,તા.૮

અમરેલીમાં ભાજપ આગેવાનના બનાવટી લેટર કાંડમાં આરોપી યુવતીને પોલીસે અગાઉ રાત્રે અટકાયત કર્યા બાદ ગઈકાલે ફરી પોલીસે એકની એક ભુલ કરી ગતરાત્રે યુવતીને મેડિકલ ચેકઅપ માટે લઈ જવાતા પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીને જાણ થતા તેઓએ પોલીસની ગાડીને અટકાવી યુવતીને ઘરે પરત પહોંચાડવાની સીટની ટીમને ફરજ પડી હતી.

અમરેલીના બનાવટી લેટરકાંડમા પાટીદાર સમાજની દીકરીનુ જાહેરમા સરઘસ કાઢવાના મુદાની લડત હવે ચરમસીમા પર પહોંચી છે. અને વિપક્ષના પુર્વ નેતા પરેશ ધાનાણીએ જો જવાબદાર પોલીસ અધિકારીઓના પટ્ટા નહી ઉતારવામા આવે તો ઉપવાસ આંદોલનની ચિમકી ઉચ્ચારી છે. બીજી તરફ પોલીસે એકની એક ભુલ ફરીવાર કરી યુવતીને રાત્રે મેડિકલ ચેકઅપ માટે લઇ જતા પરેશ ધાનાણીએ રસ્તામા પોલીસની ગાડી અટકાવી હતી.

બીજી તરફ સીટની ટીમ તપાસ માટે ગઈકાલે યુવતીના ઘરે પહોંચી હતી અને હદ તો એ વાતની છે કે આ ટીમે યુવતીને મેડિકલ ચેકઅપ માટે રાત્રે તેના ઘરેથી લઈને જતી હતી. આ બનાવની જાણ થતા પરેશ ધાનાણીએ પોલીસની ગાડીઓને રસ્તામા આંતરી હતી અને રાતના બદલે સવારે યુવતીને લઈ જવાનુ કહેતા પોલીસ યુવતીને પરત મુકવા જવા મજબુર થઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે લેટરકાંડના ચારેય આરોપીને અગાઉ સાયબર ક્રાઈમ પીઆઈ એ.એમ.પરમાર દ્વારા ગત ૨૯મી તારીખે ચીફ કોર્ટમા રજુ કરવામા આવ્યા હતા ત્યારે ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટે ચારેયને પોલીસ વિરૂધ્ધ કોઈ મારકુટ અંગેની ફરિયાદ છે કે કેમ?

તેમ પુછતા ચારેય આરોપીએ કોઈ ફરિયાદ ન હોવાનુ જણાવ્યું હતુ. જેથી અદાલતે તેમને જયુડીશ્યલ કસ્ટડીમા લેવા હુકમ કર્યો હતો.આ અંગેના ડોક્યુમેન્ટ પણ ગઈકાલે સોશિયલ મીડિયામાં ફરતા થયા હતા.

# ગુજરાતી ફિલ્મ ‘૩૧St’ છે સ્ત્રીઓ માટે ન્યાય અને સામાજિક પરિવર્તન પર એક શક્તિશાળી સિનેમેટિક મેસેજ




(ગરવી તાકાત) અમદાવાદ તા.૮

શ્રી પ્રણવ એમ. પટેલ દ્વારા દિગ્દર્શિત ગુજરાતી ફિલ્મ “૩૧જી્” ગુજરાતી સિનેમામાં એક નવીનતમ સીમાચિહ્ન છે જે પ્રણાલીગત અન્યાય અને લિંગ હિંસાને હિંમતભેર સંબોધવા માટે પારંપરિક વાર્તા કહેવાની એક પહેલ છે.આ ફિલ્મ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પીઢ અભિનેતા હિતુ કનોડિયાસરની આગેવાની હેઠળ અને વિવેચકો દ્વારા વખાણાયેલી શ્રદ્ધા ડાંગર જેવા કલાકારો ની એક અદ્ભુત જોડીને દર્શાવે છે.તેની રજૂઆત બાદથી, ફિલ્મ ૩૧જી્ એ તેના ગહન વર્ણન, આકર્ષક પ્રદર્શન અને કળા અને હિમાયતના આંતરછેદ પર સ્થિત સમાજ સાથેના તેના સાહસિક જોડાણ માટે ધ્યાન આકર્ષિત કર્યું છે, ૩૧જી્ એ સામાજિક ધોરણોને પડકારવા અને સામૂહિક પ્રેરણા આપવા માટે સિનેમાની પરિવર્તનશીલ શક્તિનો લાભ લીધો છે.અમદાવાદમાં પી વી આર સિનેમા, એક્રોપોલીસ મોલ ખાતે ઉપસ્થિત શ્રી હિતુભાઈ કનોડિયાએ મીડિયા મિત્રોને રજુઆત કરી હતી કે ગુજરાતી ફિલ્મો ની સ્ટોરીમાં અને કલાકારોમાં પણ પુષ્પા અને સિંઘમ જેવા સમાજમાં પરિવર્તન લાવાની દમ છે પણ એવા ગુજરાતી મીડિયાનું સંપૂર્ણ સહયોગ જોઈએ જેથી લોકો સુધી આવાઝ પહુંચી શકે. પ્રણાલીગત નિષ્ફળતાઓની પૃષ્ઠભૂમિ સામે સેટ કરીને, ૩૧જી્ એ બે બહેનો કિંજલ અને ચૈતાલીની કથા છે. ૩૧જં મુવી કિંજલની કરુણ સફરની શોધ કરે છે, જેનું જીવન હિંસાના ક્રૂર કૃત્યથી વ્યથિત છે, અને ચૈતાલી, જે ન્યાય માટે બેફામ લડાઈ લડે છે. આ ફિલ્મ વર્ણનાત્મક રીતે સામાજિક અને સંસ્થાકીય પડકારોની તપાસ કરે છે જે લિંગ હિંસાનો ભોગ બનેલાઓને અવરોધે છે જ્યારે મૌન રહેવાનો ઈનકાર કરનારાઓની અદમ્ય ભાવનાની ઉજવણી કરે છે.દિગ્દર્શક પ્રણવ એમ. પટેલ એક સ્વપ્રદ્રષ્ટા વાર્તાકાર, ફિલ્મનો સાર રજૂ કરતાં જણાવે છે કે સિનેમા એ સમાજ ને પ્રશ્ન કરવા, વિક્ષેપિત કરવા અને પરિવર્તન કરવા માટેનું એક શક્તિશાળી માધ્યમ છે. ૩૧જી્ સાથે, અમે લિંગ હિંસા અને પ્રણાલીગત અન્યાયના અસ્વસ્થ સત્યોનો સામનો કરવાનો પ્રયાસ કર્યો છે, જ્યારે તે વ્યક્તિઓની અસાધારણ હિંમતની ઉજવણી પણ કરી છે જેઓ યોગ્ય છે તે માટે ઊભા છે. આ છે. એક મૂવી કરતાં પણ વધુ - તે પરિવર્તન માટે એક શંખનાદ છે.ફિલ્મની હાઈલાઈટ્સમાં છઊઁ અનિરુદ્ધ પરમાર તરીકે હિતુ કનોડિયાએ એક કાયદા અમલીકરણ અધિકારી તરીકે એક સ્તરીય કામગીરી બજાવે છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ.લ.ઈ)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ જમીન મિલકતને લગતા કાર્યોમાં રાહત જણાય. કામકાજમાં સાધારણ ઉચાટ જણાશે. વિવાદિત કાર્યોથી દૂર રહેવું. વડીલ વર્ગની આરોગ્ય બાબતે ચિંતા રહે.

**વૃષભ (બ.વ.ઉ)**આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ પારિવારિક વાતાવરણમાં સુમેળ જણાય. આવક-જાવકનું પ્રમાણ જળવાઈ રહે. માનસિક ચિંતાઓ રહેશે. પતિ-પત્નીના વિચારોમાં અસમાનતા રહેશે.

**મિથુન (ક.છ.ઘ)**આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ભૌતિક સુખ-સુવિધામાં વધારો જણાય. માનસિક શ્રમમાંથી મુક્ત બનો. કામના ભારને હળવો કરી શકશો. સહકર્મચારીના સંબંધોમાં સુધારો જણાશે.

**કર્ક (ડ.હ)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ સાંસારિક જીવનમાં સામાન્ય ચિંતા જણાય. બહારગામના કામકાજથી લાભ જણાય. સંતાનોના પ્રશ્નોમાં સાનુકૂળતા જણાય. કામકાજમાં સફળતા અને પ્રગતિ જણાય.

**સિંહ (મ.ટ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ અન્યના કારણે કામમાં મુશ્કેલી સર્જાય. મોસાળપક્ષે સામાન્ય ચિંતા જણાય. કાનૂની-ખાતાકીય કામકાજમાં સંભાળવું. માનસિક અશાંતિમાં રાહત અનુભવશો.

**કન્યા (પ.ઠ.ણ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ નોકરી ધંધા માટે પ્રવાસના યોગ બને. વે પાર-વાણિજ્યમાં નવી મુલાકાતથી લાભ થશે. ઉત્તમ આનંદ મેળવી શકશો. ધન પ્રાપ્તિ માટે અધિક મહેનત કરવી પડશે.

**તુલા (ર.ત.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ મિત્રો, સ્નેહીજનોની મુલાકાત લાભ કરાવે. હિસાબી કામકાજમાં સાવધાની રાખવી. આકસ્મિક ફાયદાની શક્યતા પ્રબળ જણાય. નોકરી ધંધામાં સામાન્ય ફેરફારીની શક્યતા.

**વૃશ્ચિક (ન.ય.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ઉપરી અધિકારી વર્ગથી પરેશાની જણાય. વિવાદિત કાર્યોમાં અંતર રાખી કામ લેવું. ઘરમાં આનંદનું વાતાવરણ સર્જાય. આરોગ્યની ખાસ કાળજી લેવી.

**ધન (ભ.ધ.ફ.ઢ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ પારિવારિક કામમાં વ્યસ્ત રહેશો. અગત્યના નિર્ણયમાં ઉતાવળ કરવી નહીં. વાણી-વ્યવહારમાં નમ્રતા રાખવી. સગા-સંબંધીઓમાં તણાવ જણાશે.

**મકર (ખ.જ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ વ્યવહારમાં ભાગાદોડી અને ખર્ચ રહેશે. જીવનસાથી સંતાનોના કામમાં સાનુકૂળતા રહેશે. થોડી બેચેની અને કામની ચિંતા રહેશે. કામકાજ સામાન્ય સંભાળીને કરવું.

**કુંભ ( ગ.શ.સ.ષ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ પારિવારિક સંબંધોમાં મુશ્કેલી જણાશે. વિવાદિત કાર્યોમાં સાચવીને કામ કરવું. વિલંબમાં પડેલા કાર્યો ઉકેલાશે. માનસિક અસ્વસ્થતા અનુભવશો.

**મીન (દ.ચ.ઝ.થ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ વિલંબમાં પડેલા કામો પૂરાં થશે. ધર્મકાર્યમાં યાત્રા-પ્રવાસ થાય. કામની હળવાશ અનુભવશો. દૈનિક વ્યવસાયથી લાભ થશે.

## ફિલ્મી ગપશપ

**ફિલ્મ ‘ગેમ ચેન્જર’ના ચાર ગીતો બનાવવામાં રૂ.૭૫ કરોડ !!**

### કેટલાક ગીતોનું શુટિંગ ન્યુઝિલેન્ડમાં થયું : કેટલાક ગીતોમાં ૧૦૦ રશિયન ડાન્સર



હૈદરાબાદ ,તા.૭

રામ ચરણ અને કિયારા અડવાણીની આગામી ફિલ્મ ’ગેમ ચેન્જર’ આ દિવસોમાં ચર્ચામાં છે. ફિલ્મ વાર્તાની સાથે સંગીતને કારણે પણ ચર્ચામાં છે. નિર્માતાઓએ તેનાં ચાર ગીતો પર પાણીની જેમ પૈસા ખર્ચ્યા છે. ફિલ્મનાં સંગીતની કુલ કિંમત ૭૫ કરોડ રૂપિયા છે જે એક મોટી ફિલ્મનાં પ્રોડક્શન બજેટ કરતાં પણ વધુ છે.

જરાગંડી ગીતને મોટા પાયે શૂટ કરવામાં આવ્યું છે. આ ગીતની કોરિયોગ્રાફી પ્રખ્યાત ડાન્સર-કોરિયોગ્રાફર પ્રભુ દેવાએ કરી છે. ગીતનો સેટ ગામની વિશાળ ૭૦ ફૂટ ઊંચી ટેકરી પર બનાવવામાં આવ્યો હતો.

ખાસ વાત એ છે કે, આ ગીતમાં ૬૦૦ થી વધુ ડાન્સર્સે કામ કર્યું છે. તેનું શૂટિંગ ૧૩ દિવસ સુધી ચાલ્યું હતું. આ ગીતમાં ઉપયોગમાં લેવાતાં કપડાં સંપૂર્ણપણે ઈકો-ફ્રેન્ડલી જ્યુટમાંથી બનાવવામાં આવ્યાં હતાં. આ કારણોસર, આ ગીત માત્ર ભવ્ય જ નથી પણ પર્યાવરણને અનુકૂળ પણ છે.

લોકોને આ ગીતમાં ભારતની લોક સંસ્કૃતિની ઝલક જોવા મળશે. ગીતની કોરિયોગ્રાફી ગણેશ આચાર્યએ કરી છે. ગીતમાં કુલ ૧૦૦૦ ડાન્સર્સે ભાગ લીધો હતો. આ ગીત સ્ક્રીન પર ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતાની ઉજવણી કરતું જોવા મળશે.

આ ફિલ્મનું ગીત ના ના હૈરાના ખૂબ જ ખાસ છે. આમાં નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ભારતમાં આ પહેલું ગીત છે જે ઈન્ફ્રારેડ કેમેરાથી શૂટ કરવામાં આવ્યું છે. આ ગીતમાં પશ્ચિમી અને કર્ણાટક સંગીતનું અનોખું મિશ્રણ જોવા મળશે. આ ગીતનું શૂટિંગ ન્યુઝીલેન્ડમાં કરવામાં આવ્યું છે.

’ગેમ ચેન્જર’નું આ ગીત એનર્જીથી ભરપૂર છે. તેનું કોરિયોગ્રાફ જાની માસ્ટરે કર્યું છે. આ ગીતની ખાસ વાત એ છે કે, તેમાં ૧૦૦ રશિયન ડાન્સર્સે ડાન્સ કર્યો છે.

આ ગીતનું શૂટિંગ માત્ર ૮ દિવસમાં થયું હતું, પરંતુ તેમ છતાં પરફોર્મન્સ અને એનર્જી લેવલ પર કોઈ કમી જોવા મળી નથી. આ ગીત દર્શકોની પસંદને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે.

# જિલ્લો તો બન્યો પણ પાયાની સુવિધા માટે પોકાર, વિકાસની હોડમાં હતું એ શૌચાલય પાડી દેવાયું

બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને સરકારે થરાદને નવો જિલ્લો તો જાહેર કર્યો છે. પણ વિકાસની હોડમાં પાયાની સુવિધાઓનો જ અભાવ જોવા મળી રહ્યો છે. ભૂતકાળમાં થરાદ શહેરના હાર્દ સમા ચાર રસ્તા પર લોકોના ઉપયોગ માટે શૌચાલય બનાવવામાં આવ્યું હતું. જોકે, હાઈવેની કામગીરી દરમિયાન આ શૌચાલયને તોડી નાંખવામાં આવ્યું છે. જેને લઈને ગામડામાંથી આવતા લોકો અને વિદ્યાર્થિનીઓને ભારે શરમિંદા થવું પડે છે. આ અંગે સ્થાનિક લોકોએ કહ્યું કે, નવો જિલ્લો બન્યો છે તો સૌપ્રથમ પાયાની સુવિધાઓ ઉભી કરો, અહીં અમને દીકરીઓ આવીને પુછે છે કે કાકા નજીકમાં ક્યાંય બાથરૂમ છે?.. તો બીજી તરફ નગરપાલિકાના સત્તાધીશો કહે છે કે, હાઈવે બનતાં જમીન લઈ લીધી છે, હવે નવી જમીન પર શૌચાલય બનાવીશું.થરાદ શહેરના મુખ્ય ચાર રસ્તા પરના જાહેર શૌચાલયને હાઈવેની કામગીરી દરમિયાન તોડી પાડવામાં આવતાં આજ દિન સુધી બનાવવામાં આવેલ ન હોવાથી મુસાફરો સહિત સ્થાનિક વેપારીઓ અને વિદ્યાર્થીઓને ભારે હાલાકી વેઠવી પડે છે. ચાર રસ્તા પર હાઈવે પાડ્યા બાદ સૌથી વધુ જો જરૂર હોય તો તે શુલભ શોચાલયની છે. કારણ કે ચાર રસ્તા પર બહારથી આવતા મુસાફરોને સૌથી વધુ મુશ્કેલી પડી રહી છે. જેમાં ખાસ કરીને મુસાફર મહિલાઓને શોચક્રીયા કરવા કયા જવું તે સૌથી મોટો પ્રશ્ન છે. ચાર રસ્તા પર ભાભર હાઈવે કોલેજ આવેલ છે. બાજુમાં મોટી હાઈસ્કૂલ આવેલ છે અને આજુબાજુમાં અનેક દુકાનો આવેલ છે. જેથી કરીને લોકોનો ઘસારો વધુ પ્રમાણમાં રહે છે તો તાત્કાલિક થરાદ ચાર રસ્તા પર શૌચાલય બનાવવામાં આવે એવી લોકોની માંગ ઉઠવા પામી છે.થરાદ તાલુકા મહિલા કોંગ્રેસ સમિતિ પ્રમુખ અને ગુજરાત યુથ કોંગ્રેસના મહામંત્રી ગીતાબેન સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે મને પણ ધ્યાનમાં છે. ચાર પર સીકસ લાઈન હાઈવે બનતાં પહેલાંનું જાહેર શૌચાલય તોડી પાડવામાં આવ્યું છે અને મહિલાઓ ની માંગ છે.

ભાભર હાઈવે કોલેજ છે બાજુમાં ગાયત્રી વિદ્યાલય છે અને સુરત અમદાવાદ સહિતના મુસાફર બહેનો ત્યાં ઉતરે છે.

**શ્રી ગૌતમકમુાર વાણીયા મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ મહેસાણાની કોર્ટમાં**
**વણીકર કલબ પાસે, મ્યુનિસીપલ ગ્રાઉન્ડ સામે, મહેસાણા-૩૮૪૦૦૧**

નં.એ.ડી.એમ/વશી/૪૯૨/૨૦૨૪ તા.૨૭/૧૨/૨૦૨૪

## જાહેર નોટીસ

અરજદાર : પ્રજાપતિ સુરેશકુમાર બબાભાઈ
રહે. ગોઝારિયા તા.જિ. મહેસાણા
વિરૂદ્ધ
સામાવાળાઃ (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી/તલાટી કમ મંત્રીશ્રી,
ગોઝારિયા ગ્રામ પંચાયત, તા.જિ. મહેસાણા
(૨) આચાર્યશ્રી, ગોઝારિયા પ્રાથમિક મિશ્ર શાળા, મુ. ગોઝારિયા તા.જિ.મહેસાણા
જન્મ નોંધણી :-

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી નામે ‘પ્રજાપતિ સુરેશકુમાર બબાભાઈ’ નો જન્મ ‘તા.૦૮/૦૧/૧૯૬૧’ ના રોજ ગામ ગોઝારિયા તા.જિ. મહેસાણા મુકામે થયેલ પરંતુ નિયમોની જાણના અભાવના કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ નોંધણી કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા વાંધા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૧૨/૨૦૨૪ના રોજ મારી સહિ તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

કોર્ટનો સિક્કો

સહિ/-
એકઝીક્યુટીવ મેજીસ્ટેટ
મહેસાણા (ગ્રામ્ય)

**શ્રી ગૌતમકમુાર વાણીયા મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ મહેસાણાની કોર્ટમાં**
**વણીકર કલબ પાસે, મ્યુનિસીપલ ગ્રાઉન્ડ સામે, મહેસાણા-૩૮૪૦૦૧**

નં.એ.ડી.એમ/જન્મમરણ નોંધણી/કેશ નં.૦૫/૨૦૨૫ તા.૪/૦૧/૨૦૨૫

## જાહેર નોટીસ

અરજદાર : પટેલ કાળાભાઈ જેસંગભાઈ
રહે. જગુદણ ઠે. ગુજરાતી શાળાની સામે, તા.જિ. મહેસાણા
વિરૂદ્ધ
સામાવાળાઃ (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી/તલાટી કમ મંત્રીશ્રી,
જગુદણ ગ્રામ પંચાયત, તા.જિ. મહેસાણા
(૨) આચાર્યશ્રી, શેઠ ધરમચંદ હરીચંદ હાઈસ્કુલ તા.જિ.મહેસાણા
જન્મ નોંધણી :-

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીની ભત્રીજી નામે ‘પટેલ મંજુલાબહેન ચતુરભાઈ’ નો જન્મ ‘તા.૦૧/૦૬/૧૯૬૭’ ના રોજ ગામ જગુદણ તા.જિ. મહેસાણા મુકામે થયેલ પરંતુ નિયમોની જાણના અભાવના કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ નોંધણી કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા વાંધા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૪/૦૧/૨૦૨૫ના રોજ મારી સહિ તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

કોર્ટનો સિક્કો


સહિ/-
એકઝીક્યુટીવ મેજીસ્ટેટ
મહેસાણા (ગ્રામ્ય)

# વાલીઓ બાળકોને મોબાઈલ આપતા પહેલા ચેતી જજો...

# સુરતમાં સતત મોબાઈલમાં વ્યસ્ત રહેતી બાળકીને ઠપકો આપતા ૮માં ધોરણમાં અભ્યાસ કરતી બાળકીએ ફાંસો ખાઈ આપઘાત કર્યો

## માતા શાકભાજી લેવા ગઈ અને બાળકીએ અંતિમવાદી પગલું ભરી લીધું...

વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. સુરતમાં આઠમા ધોરણમાં અભ્યાસ કરતી બાળકીને સતત મોબાઈલનો વપરાશ કરતા અટકાવવા ઠપકો આપતા અને મોબાઈલ લઈ લેતા તેને ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. તેની માતા શાકભાજી લેવા માટે ગઈ હતી દરમિયાન બાળકીએ આ અંતિમવાદી પગલું ભર્યું હતું.



મૂળ યુપીના અને હાલ સુરતમાં પાંડેસરા ચીકુવાડી નજીક આવિર્ભાવ સોસાયટીમાં રહેતા રાજન પ્રસાદ મિલમાં લેબર કોન્ટ્રાકટ રાખી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓને બે દીકરી છે જેમાં વર્ષા મોટી દીકરી હતી. ઘરની નજીકમાં જ આવેલી સ્કૂલમાં ધોરણ-૮માં અભ્યાસ કરતી હતી. ગતરોજ મોડી સાંજે વર્ષા બેડરૂમમાં મોબાઈલમાં વ્યસ્ત હતી. જેને લઈ માતાએ ઠપકો આપી મોબાઈલ લઈ લીધો હતો. ત્યારબાદ માતા શાકભાજી લેવા બજાર ગયાં હતાં. ૧૦ મિનિટ બાદ પરત ફરતાં નાની દીકરી સૂતેલી હતી અને વર્ષા ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. બૂમાબૂમ કરી દેતા પાડોશીઓની મદદથી વર્ષાને ૧૦૮માં સિવિલ લઈ આવતા મૃત જાહેર કરાઈ હતી. દીકરી એકદમ સરળ સ્વભાવની હતી. તે દરરોજ સ્કૂલથી ઘર અને ઘરથી સ્કૂલ જ જતી આવતી હતી. તેને કોઈપણ પ્રકારનો તણાવ પણ નહોતો. ઘરના લોકો પણ તેને સારી રીતે રાખતા હતા. કોઈએ તેને માર્યું હોય એવું પણ નથી. તેને ફક્ત મોબાઈલ વધુ પડતો વાપરવાની આદત પડી ગઈ હતી. ગઈકાલે સાંજ તેની માતા શાકભાજી લેવા જઈ રહી હતી ત્યારે તે મોબાઈલ લઈને ચાલી ગઈ. તે પછી ખબર નહીં શું થયું? આ પછી તેણે ઘરમાં ગળાફાંસો ખાઈ લીધો. બનાવ અંગે પાંડેસરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે...

### દરરોજ ૫૦ મિનિટ મોબાઇલનો સતત ઉપયોગ મગજના કોષોને નુકસાન પહોંચાડે છે

**સ્માર્ટફોનમાંથી નીકળતા રેડિએશનથી મગજના કોષોને સંકોચાય છે. જેના કારણે મગજમાં ઓક્સિજન યોગ્ય માત્રામાં પહોંચતો નથી. જે બાબત મગજની સાથે સાથે શરીરની સમગ્ર સિસ્ટમને નુકસાન પહોંચાડે છે. તેનાં રેડિએશનને કારણે કેન્સર થવાનું જોખમ પણ રહે છે. થોડા દિવસ પહેલાં ભારત આવેલા એપલના સીઈઓ ટિમ કુકે ભારતીય માતા-પિતાને સૂચના આપતા કહ્યું હતું કે, આજનાં બાળકો ડિજિટલ યુગનાં બાળકો છે. તેમનો સ્ક્રીન ટાઇમ ઘટાડવો જરૂરી છે. હું કહીશ કે, શાળાઓમાં પણ શિક્ષણનું ડિજિટલાઇઝેશન ઘટાડવું જોઈએ...**

### 3 વર્ષ સુધીના બાળકોને મોબાઈલથી દૂર રાખો...

**૧.૨૫(સવા) વર્ષથી ૩ વર્ષ સુધીનાં બાળકોને મોબાઇલથી ચોક્કસ દૂર રાખો. તે તમને થોડા દિવસો માટે આગ્રહ કરશે. તેમ છતાં તમે તેમને લલચાવીને શાંત કરી શકો છો. બાળકોનું શેડ્યૂલ એવું બનાવો કે, તેમને ઈ-ગેજેટ્સ, ટીવી જોવા માટે ૧-૨ કલાક નક્કી કરો. તેઓ શું કન્ટેન્ટ જોઈ રહ્યા છે તેના પર નજર રાખો....**

### સ્વીડનમાં બે વર્ષથી ઓછી વયના બાળકોના મોબાઈલ ઉપયોગ પર પ્રતિબંધ...

**સ્વીડનમાં બે વર્ષથી ઓછી ઉંમરના બાળકોને સ્ક્રીનનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તેથી હવે બાળકો સ્ક્રીનનો ઉપયોગ કરી શકશે નહીં. સરકાર દ્વારા જારી કરવામાં આવેલી એડવાઈઝરીમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે બાળકોને ટીવી અને મોબાઈલ ફોન સહિત કોઈપણ સ્ક્રીનનો ઉપયોગ કરવાની મંજૂરી ન આપવી જોઈએ. સ્વીડિશ સરકારની સલાહ મુજબ, બે થી પાંચ વર્ષના બાળકો દિવસમાં વધુમાં વધુ એક કલાક સ્ક્રીનનો ઉપયોગ કરી શકે છે, જ્યારે ૬ થી ૧૨ વર્ષની વયના બાળકો માત્ર બે કલાક માટે સ્ક્રીનનો ઉપયોગ કરી શકે છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે ટીનેજર્સને દિવસમાં માત્ર ત્રણ કલાક સ્ક્રીનનો ઉપયોગ કરવાની છૂટ હોવી જોઈએ.**

# કથા જીવનમાં માર્ગ બતાવે છે. કથા મનુષ્યને તેના સૂક્ષ્મ દોષોનું ભાન કરાવે છે,પણ તેનો ઉદ્ધાર તો નામ જપ,સ્મરણથી જ થાય છે.



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જપ વિધિમાં બે નિયમ સાચવજો બ્રહ્મચર્ય પાળવું અને બીજા કોઈનું ખાવું નહીં. કેવળ વાંચવાથી જ્ઞાનનો અનુભવ થતો નથી. પ્રાચીનકાળમાં સંતો ક્યાં ભણવા ગયા એવું તેમના ચરિત્રમાં લખ્યું નથી.પણ ભાગવત ભક્તિથી ચિત્ત શુદ્ધ થતાં અંદરથી જ્ઞાન નું સ્ફુરણ થતું પંડિત શાસ્ત્રની પાછળ દોડે છે. મીરાંબાઈ જે બોલે તેની પાછળ શાસ્ત્ર દોડે છેતેર કરોડ જપ કરવાથી અને ઈશ્વરનું મિલન થાય છે.કળિકાળમાં આ સિવાયબીજો કોઈ ઉપાય નથી.અધિકારી ગુરુ પાસેથી મંત્ર ગ્રહણ કરવાથીમંત્રથી દિવ્ય શક્તિ આવે છે.કેવળ વેદાંતના સિદ્ધાંતો સમજવા મુશ્કેલ છે અને સમજાય તો પણ અનુભવવા મુશ્કેલ છે.દુઃખ શરીરને થાય છે. આત્મા કેવળ દૃષ્ટા છે,એમ બોલવું-સમજવું સહેલું છે. પણ આ સિદ્ધાંતોનો અનુભવ કરવો મુશ્કેલ છે,ત્યારે નામસ્મરણ સહેલું છે. ભક્તિ સહેલી અને સરળ છે. ભક્તિ મરણ સુધારે છે.

કથા જીવનમાં માર્ગ બતાવે છે. કથા મનુષ્યને તેના સૂક્ષ્મ દોષોનું ભાન કરાવે છે,પણ તેનો ઉદ્ધાર તો નામ જપ,સ્મરણથી જ થાય છે.

આ સંબંધમાં અજામિલનું દૃષ્ટાંત આપવામાં આવે છે. અજામિલ અધમ હતો,પણ ભગવાન નામનો આશ્રય કરી કૃતાર્થ થયો. આપણે બધા અજામિલ છીએ.અજા એટલે માયા. માયામાં જ મળી ગયો તે અજામિલ.સંસારમાં માયાના સંસર્ગમાં આવવું જ પડે છે. માયાને પકડવી પડે પણ તેને અગ્નિની પેઠે વિવેકરૂપીસાણસીથી પકડજો.અગ્નિ વિના વ્યવહાર ચાલતો નથી, છતાં કોઈ અગ્નિને હાથમાં લેતું નથી. માયા આપણી પાછળ પડે છે. તેનાથી બચવાનું છે અને ઈશ્વર પાછળ પડવાનું છે. ઈશ્વર પાછળ પડતા માયા દૂરથશે કનક અને કાંતાએ માયાના રૂપોછે એ બે વસ્તુમાં મન જાય તેવો નિશ્ચય કરજો.શરીરથી પાપ કરશો તો સજા થાય છે,અને મન થી પાપ કરશો તો તેની પણ સજા થાય છે.

કાન્યકુબ્જ દેશમાં અજામિલ નામનો એક બ્રાહ્મણ હતો. એ અનેક પ્રકારનાં પાપો કરી ગુજરાન ચલાવતોજો કે પહેલાં તો મંત્રવેત્તા પવિત્ર અને સદાચારી હતો.પણ એક કુલટાને જોઈ એનું મન બગડ્યું.

પાપ પહેલું આંખ વાટે આવે છે. આંખ બગડી એનું મન બગડ્યું. મન બગડ્યું એનું જીવન બગડ્યું. રાવણની આંખ બગડેલી તો હંમેશ માટે તેનું નામ બગડેલું રહ્યું છે.માટે કામને આંખમાં આવવા દેશો નહીં. મનુષ્ય શરીરથી,આંખ અને મનથી વધારે પાપ કરે છે. એથી વગર પ્રયોજને કોઈને આંખ આપવી નહી આંખમાં રામ રાખો તો કામ મનમાં આવશે નહી. અજામિલ પેલી બાઈને પોતાના ઘરે લઈ આવ્યો.એક પાપમાંથી બીજું પાપ તેમ અજામિલ દુરાચારમાં આગળ વધ્યો તે પાપાચાર કરવા લાગ્યો. ચોરી પણ કરવા લાગ્યો.લૂંટ પણ કરે છે એક વખત કેટલાક સાધુઓ ફરતા ફરતા અજામિલને ઘરે આવ્યા તેમણે ભિક્ષા માગી. બાઈએ તેમને અનાજ આપ્યું.

દુશ્ચરિત્રનું અન્ન લેવાની શાસ્ત્ર ના પાડી છે,પણ સાધુઓ બાઈને જાણતા ન હતા એટલે તે અન્નની રસોઈ કરી સાધુઓ જમ્યા.તે પછી અજામિલે સાધુઓને પ્રણામ કર્યા. સાધુઓ કહે છે, તારા ઘરેથી ભોજન મળ્યું, પણ દક્ષિણા મળી નહીં!અજામિલકહે હું તમને લૂંટી લેતો નથી એજ તમારી દક્ષિણા છે. હું કોઈ સાધુને પૈસા આપતો નથી. બીજું કાંઈ માગો તો આપું.

સાધુની ભાવના એ કે જેનું ખાધું એનું કલ્યાણ થાઓ.એટલે તેમણે કહ્યું,તારા ઘરે જે પુત્ર આવે તેનું નામ નારાયણ રાખજે.આ અમે માગ્યું!અજામિલને ત્યાં પુત્રજન્મ થયો.એનું નામ નારાયણ રાખ્યું. છેલ્લી સંતતિમાં માતાપિતાને વિશેષ પ્રેમ હોવાથી અજામિલ વારંવાર નારાયણને બોલાવે છે. આમ નારાયણ નામની ટેવ પડી.

અતિશય પાપી, અતિકામી,પૂરું આયુષ્ય ભોગવી શકે નહીં. અજા મિલનું બાર વર્ષનું આયુષ્ય બાકી હતું,તેમ છતાં યમદૂતો લેવા આવ્યા અજામિલનો મૃત્યુકાળ નજીક આવ્યો.પોતાના સૌથી નાના પુત્ર નારાયણમાં તે અતિ આસક્ત એટલે પોતાના પુત્રનું નામ દઈને તે બોલવા લાગ્યો.

નારાયણ,નારાયણ.છેલ્લા સંતાન માં મા-બાપનું મન વિશેષ ફસાય છે. રોજની આદત પ્રમાણે અજા મિલ નારાયણ, નારાયણ એમ બે વખત બોલ્યો.તેનો દીકરો નારાયણ તો આવ્યો નહીં,પણ વિષ્ણુદૂતો આવ્યા. વિષ્ણુદૂતો યમદૂતોને કહે કે, આને છોડી દો. એ પાપી છે, પણ તેણે ભગવાનનું નામ લઈ પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું છે તેનાં થોડાં પાપ બચી ગયાં છે.હવે તેને જીવવા દો.તેના આયુષ્ય ના બાર વર્ષ હજુ બાકી છે.યમદૂતો કહે છે કે,અજામિલ નારાયણ, નારાયણ કરતો હતો, પણ તે વૈકુંઠવાસી નારાયણ નહીં. એના છોકરાનું નામ નારાયણ છે. એ તો એના દીકરા નારાયણને બોલાવતો હતો. ત્યારે વિષ્ણુદૂતો કહે છે,અજાણતાં પણ પ્રભુનું નામ તેના મુખેથી નીકળ્યું છે. અજાણતાં પદ પગ અગ્નિ ઉપર પડે તો પણ અગ્નિ બાળે છે, પગ દાઝે છે.તે પ્રમાણે અજાણતા માં પણ ભગવાનનું નામ લેવાય તો કલ્યાણ થાય છે. અજાણતામાં પણ ભગવાનનું નામ લેવાય તો તેનું ફળ મળે છે. ઉતાવળે કરેલા ભોજનથી ભલે સ્વાદનો અનુભવ ન થાય, પણ ભૂખ તો ભાંગે જ છે એમ અજાણપણે પ્રભુનું નામપણ પાપનો નાશ કરે જ છે.અજામિલ ઉદ્દેશીને નારાયણ,નારાયણ બોલ્યો એ બહાને તેણે બે વખત ભગવાનનું નામ તો લીધું ને! ગમે તેવા દુરાચારીનો ઉદ્ધાર કરવાની ભગવાનમાં તાકાત છે.

આ બાબતમાં ભાગવત બિલકુલ સ્પષ્ટ છે. તે કહે છે કે, જાણવા વાળાઓ જાણે છે કે, સંકેતમાં, પરિહાસમાં, આલાપમાં અથવા કોઈની અવહેલના કરવામાં પણ જો કોઈ ભગવાનના નામોનું સ્મરણ કરે છે તો તેનાં સઘળાં પાપો નષ્ટ થઈ જાય છે.

જે મનુષ્ય પડતી વખતે,પગ લપસી પડે ત્યારે, અંગભંગ થાય ત્યારે,સાપ ડંસે ત્યારે,તાવમાં સપડાયેલો હોય ત્યારે, ચોટ લાગે ત્યારે વગેરે સમયે વ્યાકુળ બની ‘હરિ હરિ‘ કહી ભગવાનના નામનું ઉચ્ચારણ કરે છે,તે નરકની યાતનાને પાત્ર રહેતો નથી.

પડતી વખતે,કાંઈ નુકસાન થાય ત્યારે હાય હાય ન કરો,હરિ હરિ કરો. ઘરમાં દૂધ ઉભરાય ત્યારે માતાજી હાય હાય કરે છે.હાય હાય કરે શું વળવાનું હતું? તેને બદલે હરિ હરિ કરો! અનાયાસે યજ્ઞનું ફળ મળશે.બાકી કોઈ અગ્નિને આહુતિ આપવાના નથી. હાયમાં સહેજ ફેરફાર કરી હરિ હરિ કહો.આથી અનાયાસે નામ સ્મરણ થશે,હરિના નામનો જપ થશે.

વાલ્મીકિ રામાયણમાં લખ્યું છે કે, મૃતાત્મા પાછળ બહુ હાય હાય કરે તો તેનું દુઃખ મૃતાત્માને થાયછે જો હરિ હરિ હરિનું સ્મરણ કરે તો તેનું પુણ્ય મૃતાત્માને મળે છે. વિષ્ણુદૂતોએ અજામિલને યમદૂતો ના પાસમાંથી છોડાવ્યો.તેનો ઉદ્ધાર થયો.અજામિલ જેવા નોય ઉદ્ધાર થયોએ બતાવે છે કે, આપણા સનાતન ભાગવત ધર્મમાં કોઈ કેસ હોપલેસ નથી. આપણી દવા અકસીર છે.સત્કર્મથી અપ મૃત્યુ ટળે છે,મહામૃત્યુ ટળતું નથી આયુષ્ય બાકી હોવા છતાં પાપ કર્મોના ફળરૂપે આવેલું મૃત્યુ ટળે છે.અજામિલનું અપ મૃત્યું હતું તેથી તે ટળ્યું. પાપીને પશ્ચાત્તાપ થાય તો તેના જીવનમાં એકદમ પલટો આવે છે. માટે કોઈ પાપીનો તિરસ્કાર ન કરો પાપનો તિરસ્કાર કરો.અજામિલને અતિશય પશ્ચાત્તાપ થયો.પ્રાયશ્ચિત્તથી તેનાં સર્વ પાપો બળી ગયાં.હવે તે સર્વ છોડી ભાગવત સ્મરણ કરવા લાગ્યો.અજામિલ હવે નિરસ ભોજન કરતો હતો. જેને ભોજન સરસ, એનું ભજન નિરસ.જેનું ભોજન નિરસ એનું ભજન પરમ હંસ.અજામિલની બુદ્ધિ હવે ત્રિગુણ પ્રકૃતિથી પર થઈ ભગવાનના સ્વરૂપમાં સ્થિત થઈ છે.તેમને લેવા પાર્ષદો વિમાન લઈને આવ્યા વિશિષ્ટ માન એ જ વિમાન છે. અજામિલે ‘નારાયણ નારાયણ‘જપ કરીને જીભ સુધારી અને જિંદગી પણ સુધારી.જીભને ગામડાનો રસ પીવવવશો તો જશે ગમનામ ચઢી જશે.સમજાવો સુધરે આપણી લૂલી શિખંડ માગે તો એને કડવા લીમડાનો રસ પાજો ભગવદ ભક્તિ કરનારને આ લોકમાં અને પરલોકમાં પણ માન મળે છે. ભગવતકીર્તન કરતાં કરતાં અજા મિલ ભાગવદધામમાં ગયો.ભગવન્નામનો આશ્રય કરનાર અજામિલ તરી ગયો. પહેલા અજાનો અર્થ કરેલો માયા હવે નામનો આશ્રય કર્યા પછી અજનો અર્થ કર્યોબ્રહ્મ. આજે અજામિલ અજ એટલે બ્રહ્મ સાથે મળી બ્રહ્મરૂપ થયો છે. આજે જીવ-શિવ એક થયા છે. અજા મિલ શબ્દના બે અર્થો થાય છે અજા માયા માયામાં ફસાયેલો માયાનું ઘણી રીતે વર્ણન કરવામાં આવ્યું છે.શ્રીમદ્ શંકરાચાર્યે માયાની વ્યાખ્યા કરેલી છે કે, કંચન કામિનીમાં જે ફસાયેલો રહે તેને માયામાં ફસાયેલો જાણવો કનક અને કામિની,બે ચીજને એમણે ત્યાં જવા જેવી ગણાવી છે.

શંકરાચાર્ય કહે છે કે, બંધાયેલો કોણ?તો જે પાંચ વિષયોમાં આસક્તિવાળો છે તે.છૂટેલો કોણ? તો જેને વિષયો પ્રત્યે વૈરાગ્ય આવેલો છે તે, ઘોર નરક કયું? તો આ પોતાનો જ દેહ મૂત્ર, વિષ્ટા,માંસ,લોહી વગેરે દુર્ગંધ યુક્ત પદાર્થો તેમાં ભરેલા છે. સ્વર્ગમાં જવા માટે પગથિયું કયું? તો સર્વ તૃષ્ણાઓનો ક્ષય.દરિદ્ર કોણ? તો જેને ઘણી તૃષ્ણાઓ છે તે.શ્રીમંત કોણ?સદાને માટે સંપૂર્ણ સંતોષી છે તે.મોટામાં મોટો રોગ કયો?તો જન્મ ધારણ કરવો તે આ રોગને દૂર કરવાનું ઔષધ કયું? પરમાત્મા સ્વરૂપનો વારંવાર વિચાર કરવો તે અજામિલ શબ્દનો બીજો અર્થ આમ થાય અજ એટલે ઈશ્વર. ઈશ્વરમાં સર્વ રીતે મળી ગયેલો, બ્રહ્મમાં લીન થયેલો જીવ તે અજામિલ.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી ખુશ રહીએ તેવી આશા સહ અસ્તુ.

## સગર્ભા અને ધાત્રી માતાઓ માટે આશીર્વાદરૂપ રાજ્ય સરકારની "નમોશ્રી" યોજના

# 'નમોશ્રી' યોજના શરૂ થયાના ૯ મહિનામાં ૩.૧૧ લાખથી વધુ બહેનોને રૂપિયા ૭૧ કરોડથી વધુ રકમની નાણાકીય સહાય DBT દ્વારા ચૂકવાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૮

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના સક્ષમ નેતૃત્વ અને આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શનમાં રાજ્યની આરોગ્ય સેવાઓ વધુમાં વધું સુદ્રઢ બની રહી છે.

રાજ્યમાં સગર્ભા બહેનો અને નવજાત બાળકોને શ્રેષ્ઠત્તમ સેવાઓ મળે તે માટે રાજ્ય સરકારના સતત પ્રયત્નો છે. બાળમૃત્યુદર અને માતા મૃત્યુદરને ઘટાડવા માટે પણ સરકાર સતત ચિંતીત અને પ્રયાસરત છે.





રાજ્યના નવજાત બાળકોને પોષણયુક્ત આહાર ઉપલ્બધ કરાવવા તેમજ રાજ્યમાં બાળ અને માતા મૃત્યુદરમાં ઘટાડો કરવાના ઉમદા આશયથી રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં "નમોશ્રી" યોજના શરૂ કરવાની જાહેરાત કરાઇ. એપ્રિલ-૨૦૨૪ થી સમગ્ર રાજ્યમાં શરૂ થયેલ "નમો શ્રી" યોજના ફક્ત ૯ મહિનામાં રાજ્યની ૩.૧૧ લાખ સગર્ભા અને ધાત્રી માતાઓ માટે આશીર્વાદરૂપ બની છે.

"નમોશ્રી" યોજના શરૂ થયાના ૯ મહિનામાં ૩.૧૧ લાખથી વધુ લાભાર્થીઓને અંદાજિત રૂ. ૭૧ કરોડથી વધુની નાણાકીય સહાય DBT દ્વારા ચૂકવવામાં આવી છે. સગર્ભા તથા ધાત્રી બહેનોને તબક્કાવાર વર્ષે રૂ. ૧૨ હજારની સહાય ચૂકવાય છે.

લાભાર્થીઓની સંખ્યાની દ્રષ્ટિએ અમદાવાદ, સુરત, રાજકોટ, દાહોદ અને બનાસકાંઠા ક્રમશઃ અગ્રેસર રહ્યાં છે. જેમાં અમદાવાદ જિલ્લામાં ૩૧,૯૧૮ માતાઓને કુલ રૂ. ૭.૩૫ કરોડ, સુરત જિલ્લાની ૨૭,૩૫૩ માતાઓને કુલ રૂ.૬.૨૪ કરોડ, રાજકોટ જિલ્લાની ૨૦,૫૧૭ માતાઓને કુલ રૂ. ૪.૭૮ કરોડ, દાહોદ જિલ્લાની ૧૮,૩૯૪ માતાઓને કુલ રૂ. ૪.૦૪ કરોડ અને બનાસકાંઠા જિલ્લાની ૧૫,૭૬૧ સગર્ભા અને ધાત્રી માતાઓને કુલ રૂ. ૩.૫૩ કરોડની નાણાકીય સહાય DBT મારફતે નમોશ્રી યોજના અંતર્ગત ચૂકવાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં દર વર્ષે અંદાજિત ૧૨ લાખ જેટલા નવજાત બાળકોના જન્મ થાય છે. આ તમામ બાળકોને તથા સગર્ભા અને ધાત્રી માતાઓને પૂરતા પ્રમાણમાં પોષણ આપવા માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે.

"નમો" શ્રી યોજનામાં સગર્ભાવસ્થાની નોંધણી, ગર્ભાવસ્થાનાં ૬ માસ પુર્ણ થયા બાદ, સંસ્થાકીય પ્રસુતી સમયે તથા બાળકનું સંપુર્ણ રસીકરણ બાદ તબક્કાવાર કુલ રૂ. ૧૨,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રથમ તેમજ દ્વિતીય ગર્ભાવસ્થા માટે જ નમો શ્રી યોજનાનો લાભ મળવાપાત્ર છે.

આ યોજના અંતર્ગત SC, ST, NFSA, PM-JAY સહિતના ૧૧ જેટલા માપદંડોમાં આવતી સગર્ભા બહેનોને વર્ષે રૂ. ૧૨ હજારની સહાય તબક્કાવાર ડી઼ મારફતે આપવામાં આવે છે.

આ યોજનાથી પોષણની સાથે માતા તથા નવજાત શિશુને આરોગ્ય સુરક્ષા પ્રદાન કરવામાં આવે છે. આ યોજનાના લાભ મેળવવા માટે સગર્ભા માતા તેઓના નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર અથવા નજીકનાં સ્ત્રી આરોગ્ય કાર્યકર અથવા આશાનો સંપર્ક કરી શકે છે.

સગર્ભા બહેનોને વધુ પોષણ પ્રાપ્ત થાય, તેમનો આરોગ્ય સુદ્રઢ થાય અને તેનાથી માતા અને બાળ મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થાય તેવા ઉમદા આશયથી નમો શ્રી યોજના કાર્યરત છે. આરોગ્ય અને પોષણમાં સુધારો લાવવાના હેતુસર સગર્ભા માતા તેમજ ધાત્રી માતાને કુલ રૂા. ૧૨૦૦૦/-ની સહાય તબક્કાવાર DBT મારફતે આપવામાં આવે છે.

## અમીરગઢ બોર્ડર પર પોલીસે ટ્રકમાં રાજસ્થાનથી ઘૂસાડાતો દારૂ પકડ્યો, ૧૭.૪૦ લાખનો મુદ્દામાલ કર્યો કબ્જે ????

(ગરવી તાકાત) પાલનપુર તા.૮

બનાસકાંઠા જિલ્લાની અતિ સંવેદનશીલ અમીરગઢ ચેકપોસ્ટ પરથી વાહન ચેકિંગ દરમિયાન બાતમી હકીકતના આધારે રાજસ્થાન તરફથી આવતા ટ્રકમાંથી પોલીસે મોટી માત્રામાં દારૂ ઝડપી પાડ્યો છે, જેમાં બુટલેગર ઘાસચારાની આડમાં દારૂ ગુજરાતમાં ઘુસાડવાનો પ્રયત્ન કરતો હતો. પરંતુ પોલીસની બાજનજરમાં ઝડપાઈ જતા પોલીસે ૭ લાખ ૪૦ હજારનો દારૂ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.



બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાએ વિદેશી દારૂની હેરાફેરી રોકી વધુમાં વધુ કેસો કરવા સૂચના કરેલી જે અન્વયે અમીરગઢ પોલીસ સ્ટાફના અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ ખાતે વાહન ચેકીંગ દરમિયાન બાતમી મળેલી કે રાજસ્થાન તરફથી એક ઘાસચારાની હાડમાં ટ્રક ચાલક દારૂ ભરીને ગુજરાતમાં ઘુસાડવાનો છે, જે આધારે પોલીસ રાજસ્થાન તરફથી આવતા તમામ વાહનનું ઝીણવટભરી તપાસ કરી રહી હતી.

તે સમયે દરમિયાન એક રાજસ્થાન તરફથી શંકાસ્પદ ટ્રક નં.RJ-21-GD-૭૯૮૮ આવતા પોલીસે તેને બોર્ડર પર સાઈડમાં કરી તપાસ કરી હતી.

જોકે ઉપરના ભાગમાં સંપૂર્ણ ઘાસચારો ભરેલો અને નીચે ઘાસચારો હટાવી પોલીસ જોતા જ અંદરથી દારૂની પેટીઓ મળી આવી હતી જેથી પોલીસ ૧૬૩ દારૂની પેટીઓ સહીત ૩૧૩૨ દારૂની બોટલો કબજે કરી કુલ ૧૭ લાખ ૪૫ હજાર ૭૬ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રતિબંધીત ગુજરાત રાજયમાં હેરાફેરી કરી વાહન ચેકીંગ દરમિયાન ટ્રક ચાલક હેમારામ આયદાનરામ જાટ રહે.ઘોડારણ નાગૌર રાજસ્થાનને ઝડપી પાડી જઈ તેમજ સહઆરોપી રામકિશોર પપુરામ પ્રજાપત રહે.મંગેરીયા, જોધપુરવાળા હાજરને મળી ન આવતા પોલીસે તેઓની વિરૂધ્ધમાં ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ તેમજ ગુજરાત નશાબંધી(સુધારા) અધિનિયમ ૨૦૦૧૬ ની કલમ મુજબ અમીરગઢ પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

<u>કાંકરેજ તાલુકાના થરા અને શિહોરી ડોકટર એસોચિશન અને મેડિકલ એસોસિયેશન દ્વારા</u>

## કાંકરેજ તાલુકાને બનાસકાંઠા જિલ્લામાં સમાવેશ કરવા માટે મામલતદાર કચેરીમાં આવેદનપત્ર પાઠવ્યું

(ગરવી તાકાત) કાંકરેજ તા.૮

કાંકરેજ તાલુકા ને બનાસકાંઠા જિલ્લામાં સમાવેશ કરવા માટે છેલ્લા છ દિવસથી સ્થાનિક લોકો અને જુદા જુદા સંસ્થાનો સંગઠનો દ્વારા કાંકરેજ મામલતદારને આવેદનપત્ર આપી ને થરાદ જિલ્લામાં સમાવેશ કરવામાં આવ્યો છે જેનો ઉગ્ર વિરોધ કરી રહ્યા છે ત્યારે હવે કાંકરેજ તાલુકા ડૉકટર એસોશિયન પ્રમુખ અને ભાજપ અગ્રણી ડૉકટર રાજુભાઈ બ્રહ્મભટ્ટ અને મેડિકલ એસોસિયેશન પ્રમુખ શૈલેષ ઠકકર. કમલેશ શાહ અને શિહોરી મેડિકલ એસોસિયેશન પ્રમુખ પરેશભાઈ ઠકકર સહીત મોટી સંખ્યામાં ડોકટરો અને મેડિકલ સ્ટોર્સ ના સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા અને કાંકરેજ તાલુકા ને બનાસકાંઠા જિલ્લામાં સમાવેશ કરવામાં આવે તેવી માંગ કરી હતી ત્યારે હવે ગુજરાત સરકાર દ્વારા કાંકરેજ તાલુકા ની જનતાના હિતમાં નિર્ણય લેવામાં આવશે તેવી આશા જિલ્લા ભાજપ પ્રમુખ કીર્તિસિંહ વાઘેલા એ ગુજરાત સરકાર ના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે મુલાકાત લઈ ને વાત કરી હતી અને હજુ સુધી કાંકરેજ તાલુકાની પ્રજા આંદોલન કરવાના મૂડમાં દેખાઈ રહી છે ત્યારે બનાસ નદી અને કાંકરેજી ગાય એ કાંકરેજ તાલુકાની આગવી ઓળખ છે અને હવે તે ઓળખ કોઈ પણ ભોગે મટાવવા માંગતા નથી જોકે સરકારી કચેરીઓ પણ ડીસા અને પાલનપુર તરફ નજીકમાં આવેલી છે અને કાંકરેજના લોકોને ખુબજ સરળ પડે છે માટે આજે મામલતદાર ને આવેદન પત્ર આપવામાં આવ્યું હતુ




**છેલ્લા છ દિવસથી સ્થાનિક લોકો અને જુદા જુદા સંસ્થાનો સંગઠનો દ્વારા કાંકરેજ મામલતદારને આવેદનપત્ર આપી ને થરાદ જિલ્લામાં સમાવેશ કરવામાં આવ્યો છે જેનો ઉગ્ર વિરોધ કરી રહ્યા છે**

## કાંકરેજના થરા નગરમાં ચોર્યાસી સહિત વિસ્તારમાં પ્રતિબંધિત ચાઇનીઝ દોરી તુક્કલનું ધૂમ વેચાણ.. તંત્ર ચૂપ કેમ ??

(ગરવી તાકાત) થરા તા.૮

રાજયમાં નવરાત્રી પછી બાળકો ના હાથમાં પતંગ દોરી આવી જાય છે પતંગ દોરીનો વેપાર કરતા વેપારીઓ પણ અવનવી પતંગો દોરી જથ્થાબંધ રીતે મંગાવી બે અઢી મહિના વેપાર કરે છે. રાજયમાં ચાઈનીઝ દોરી આવ્યા પછી દોરીના કારણે વાહન ચાલકો રાહદારીઓના ગળું કપાવવાથી નિર્દોષ લોકોના મોત થવાના કારણે ઊગ્ર વિરોધ થતાં હાઈકોર્ટે ગંભીરતાપૂર્વક રાજય સરકારને આ દોરીના વેચાણ ઉપયોગ પર પ્રતિબંધ લગાવવામાં આવતાં રાજયમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરતાં જો કોઇ પકડાઈ જશે તો તેની હવે ખેર નથી. ગુજરાત હાઈકોર્ટે ચાઈનીઝ દોરી અને તુક્કલના પ્રતિબંધનો અમલ કરવા માટે આજે મહત્વનો આદેશ આપ્યો હતો.



ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરતાં જો કોઈ પકડાશે તો તેની સામે ન માત્ર આઈપીસી હેઠળ ગુનો નોંધાશે. પરંતુ સાથે સાથે વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવશે.હવે ઉત્તરાયણ પતંગોત્સવના તહેવારને ગણ્યા ગાંઠ્યા દિવસો બાકી રહ્યા છે ત્યારે કાંકરેજ તાલુકાના થરા નગરમાં ચોર્યાસી, ટોટાણા, તાણા, જામપુર, પાલીકા રોડ તથા ઓવર બ્રિજ બંને બાજુ સર્વિસ રોડ સહિત વિસ્તારમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરી તુક્કલનું ધૂમ વેચાણ થઈ રહયું છે ત્યારે તંત્ર ચૂપ કેમ ??જો ગ્રાહક બની આ વિસ્તારમાં દરોડા પડી ચેકીંગ કરવામાં આવે તો મોટા પ્રમાણમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરી તુક્કલનો જથ્થો પકડાય તેવું લોકો કહી રહયા છે. ત્યારે કાંકરેજ તાલુકાના અણદપુરામાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરી પકડનાર થરા પોલીસને થરા નગરમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરી તુક્કલનો જથ્થો પકડવામાં થરા પીઆઇ પીએસઆઇ સ્ટાફને સફળતા મળશે કે લક્ષ્મીજી ??હાઈકોર્ટે રાજ્ય સરકારને ટકોર કરી કે આ કામ માત્ર કાગળ પર નહીં પરંતુ જમીની હકીકત પર કામ થવું જોઈએ.આ સૂચનનું કાંકરેજ તાલુકામાં અમલ થાય તેવી લોકોની માંગ છે.

## ડીસામાં માર્ગ સલામતી માસની વિશેષ ઉજવણી કરાઈ

# ટ્રાફિક નિયમનો ભંગ કરનારા ચાલકોને ચોકલેટ-ગુલાબ આપીને માર્ગદર્શન અપાયુ

(ગરવી તાકાત) ડીસા તા.૮

ડીસામાં બનાસકાંઠા જિલ્લા ટ્રાફિક પોલીસ, પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અને ડીસા શહેર ટ્રાફિક પોલીસ દ્વારા સંયુક્ત રીતે માર્ગ સલામતી માસની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ટ્રાફિક નિયમનો ભંગ કરનારા ચાલકોને ચોકલેટ-ગુલાબ આપીને માર્ગદર્શન અપાયું હતું.

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી છે ત્યારે ચાલુ વર્ષે માર્ગ સલામતી માસ ૨૦૨૫ ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ડીસા શહેરમાં જિલ્લા ટ્રાફિક પોલીસ આરટીઓ અને ડીસા ટ્રાફિક પોલીસ દ્વારા રાજમંદિર સર્કલ દીપક હોટલ સર્કલ જલારામ સર્કલ સહિત શહેરમાં વિવિધ જગ્યાએ પોલીસની ટ્રાફિક શાખા તેમજ આર.ટી.ઓ ના અધિકારીઓ દ્વારા સંયુક્ત રીતે લોક જાગૃતિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.



(તસ્વીર-અહેવાલ : પારસ વ્યાસ, ડીસા)

**ટ્રાફિક નીયમનનો ભંગ કરનાર વાહન ચાલકોને ગુલાબનું ફૂલ તથા ચોકલેટ આપી સોફ્ટ એન્ફોર્સમેન્ટ ડ્રાઈવ દ્વારા લોકોમાં ટ્રાફિક નીયમન અંગેની જાગુતિ આવે તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને વાહન અકસ્માતથી બચવા માટે હેલ્મેટ પહેરવા તેમજ શીટ બેલ્ટ બાંધવાથી થતા ફાયદા અંગેની સમજણ આપવામાં આવી હતી.**

જેમાં હેલ્મેટ નહી પહેરનાર, શીટ બેલ્ટ નહી પહેરનાર તેમજ ટ્રાફિક નીયમનનો ભંગ કરનાર વાહન ચાલકોને ગુલાબનું ફૂલ તથા ચોકલેટ આપી સોફ્ટ એન્ફોર્સમેન્ટ ડ્રાઈવ દ્વારા લોકોમાં ટ્રાફિક નીયમન અંગેની જાગ્રુતિ આવે તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને વાહન અકસ્માતથી બચવા માટે હેલ્મેટ પહેરવા તેમજ શીટ બેલ્ટ બાંધવાથી થતા ફાયદા અંગેની સમજણ આપવામાં આવી હતી.

આ ઉપરાંત ઉતરાયણનો તહેવાર આવી રહ્યો હોવાથી ટુવિલર ઉપર સેફટી ગાર્ડ પણ લગાવવામાં આવ્યા હતા.

# સંક્ષિપ્ત સમાચાર

## બાળ વાર્તા સ્પર્ધા યોજવામાં આવી



(ગરવી તાકાત) મહેસાણા તા.૮

આજ રોજ વિસનગર તાલુકા મા બી. આર. સી ભવન, વિસનગર ખાતે વિસનગર તાલુકા કક્ષાની બાળ વાર્તા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજન બી. આર. સી. કો. ઓ. શ્રી મેહુલભાઈ ચૌધરી તેમજ તમામ સી. આર. સી. કો. ઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમા ત્રણ વિભાગ મા થઈ ને કુલ ૩૦ બાળકોએ ભાગ લીધો હતો.જેનું સંચાલન સી. આર. સી શ્રી પરેશભાઈ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું. ખૂબ જ સરસ આયોજન અને કાર્યક્રમ બાદ પ્રથમ ત્રણ વિજેતાઓ ને રોકડમાં ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

<u>તા. ૨૩/૦૧/૨૦૨૫ ના રોજ જિલ્લા કક્ષાનો ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે.</u>

## અરજદારોએ તા.૧૦/૦૧/૨૦૨૫ સુધીમાં પ્રશ્નો કલેક્ટર કચેરીને મળે તે રીતે મોકલી આપવા

(ગરવી તાકાત) મહેસાણા તા.૮

મુખ્યમંત્રીશ્રીના અભિગમને અનુરૂપ મહેસાણા જિલ્લાના લોકોની ફરીયાદના નિરાકરણ માટે જિલ્લા કક્ષાનો ફરીયાદ નિવારણ કાર્યક્રમ - તારીખઃ- ૨૩/૦૧/૨૦૨૫ ના રોજ યોજવામાં આવનાર છે. આ અંગે મહેસાણા જિલ્લાના જે લોકો પોતાના પ્રશ્નો રજુ કરવા માંગતા હોય તેઓએ પોતાના પ્રશ્નો કચેરી કામકાજ ના સમય દરમિયાન તા.૧૦/૦૧/૨૦૨૫ સુધીમાં કલેકટર કચેરી, રજિસ્ટ્રી શાખા, - મહેસાણા ને મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

આ માટે, કર્મચારીઓની નોકરી બાબતના પ્રશ્નો, કોર્ટ કેસો, ન્યાયીક કે અર્ધ ન્યાયીક બાબતો ચાલુ હોય તેવા પ્રશ્નો તેમજ અગાઉ રજુ કરેલ પ્રશ્નો પુનઃ રજુ કરી શકાશે નહી. એક અરજીમાં એક જ પ્રશ્નની રજુઆત કરવાની રહેશે.એક કરતાં વધુ પ્રશ્નો હોય તો પ્રશ્નવાર અને ખાતાવાર અલગ અલગ અરજી કરવાની રહેશ. આ માટેના પ્રશ્ન અંગેની અરજીના મથાળે ×જિલ્લા કક્ષાના ફરીયાદ નિવારણ કાર્યક્રમ અંગેનો પ્રશ્ન" તેમ લખાણ કરવાનું થશે નિવાસી અધિક કલેકટર મહેસાણાશ્રી જે. કે. જેગોડાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## પાંચમી ઐતિહાસિક ઇડરીયા ગઢ આરોહણ અવરોહણ સ્પર્ધા ૨૦૨૪-૨૫

(ગરવી તાકાત) હિંમતનગર તા.૮

સાબરકાંઠા જિલ્લા વહિવટી તંત્ર અને રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર ઉપક્રમે તા. ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પાંચમી ઐતિહાસિક ઈડરીયા ગઢ આરોહણ-અવરોહણ સ્પર્ધા ૨૦૨૪-૨૫ યોજાશે. આ સ્પર્ધામાં ગુજરાત ભરના જુનિયર સાહસવીર ખેલાડી ભાઈઓ-બહેનોને પ્રોત્સાહિત કરવા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલ, સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા અને રાજ્યસભા સાંસદ શ્રીમતી રમીલાબેન બારાની ઉપસ્થિતિમાં યોજાશે.

ઈડર ગઢ ખાતે આરોહણ –અવરોહણ જુનિયર સ્પર્ધા ૨૦૨૪-૨૫નું તા. ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ શુક્રવારના રોજ સવારે ૭:૦૦ કલાકે ઈડરીયો ગઢ તળેટી પાસે, ઈડર ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ઈડર ધારાસભ્ય શ્રી રમણલાલ વોરા, ખેડબ્રહ્મા ધારાસભ્યશ્રી તુષાર ચૌધરીની પ્રેરક ઉપસ્થિતિ રહેશે.

## સાબરકાંઠા જિલ્લા કલેકટરશ્રી ડો.રતન કંવર ગઢવી ચારણની અધ્યક્ષતામાં જિલ્લાના પ્રવાસન સ્થળોએ પ્રાથમિક સુવિધા અંગે બેઠક યોજાઈ




(ગરવી તાકાત) હિંમતનગર તા.૮

સાબરકાંઠા જિલ્લા કલેકટરશ્રી ડૉ.રતન કંવર ગઢવી ચારણની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી સભાખંડ ખાતે જિલ્લાના પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓને પ્રાથમિક સુવિધા મળી રહે તે અંગે બેઠક યોજાઈ હતી.

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ગુજરાતમાં આવેલ તમામ પ્રવાસી સ્થળો પર પ્રવાસીઓની પ્રાથમિક સુવિધાને ધ્યાને લઈ સુવ્યવસ્થિત હાઈજેનિક શૌચાલય સહિતની સુવિધા મળી રહે તે હેતુથી કામગીરી હાથ ધરવાનું આયોજન કરવામાં આવનાર છે. જે અંતર્ગત જીલ્લામાં આવેલ પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓને જરૂરી પ્રાથમિક સુવિધા મળી રહે તે આશયથી આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ જીલ્લામાં આવેલા પ્રવાસન સ્થળોએ મુલાકત લેતા પ્રવસીઓની સંખ્યાને ધ્યાને લઈ જરૂરિયાત મુજબ પ્રાથમિક સુવિધાઓમાં શૌચાલય સહિત અન્ય જરૂરિયાતો અંગે વિગતે ચર્ચા કરી હતી. સાથે જ જિલ્લાના પ્રવાસન સ્થળો અને ધાર્મિક સ્થળોએ પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ તેમજ સ્થળના પરિસરમાં તથા આસપાસના વિસ્તારોમાં ગંદકી ન થાય તે અંગે જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરા,નિવાસી અધિક કલેક્ટરશ્રી ક્રિષ્ના વાઘેલા, ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી પાટીદાર,પ્રાંત અધિકારીશ્રીઓ,તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તેમજ વિવિધ વિભાગના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Volume : 10 Issue : 278 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002